બિડાણ :- નાયબ સચિવશ્રી નાંણા વિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગરના તા. ૨૩.૫.૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક મસભ-૧૦૨૦૧૩-૧૪૨૩૬૯-ચ

વિષય:- જાહેરરજાના દિવસ દરમ્યાન રજા પ્રવાસ /વતનપ્રવાસ રાહત યોજનાનો લાભ મંજુર કરવા બાબત.

---

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૩.૨ / ૪૦૦૩૩-૮૨/૨૦૧૮ તા.૨૩.૧૦.૨૦૧૮

**નકલ સવિનય રવાના:-**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ..

૨/- આ સાથે નાયબ સચિવશ્રી નાંણા વિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગરના તા. ૨૩.૫.૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક મસભ-૧૦૨૦૧૩-૧૪૨૩૬૯-ચ અન્વયે જાણ તથા અમલ સારુ..

સામેલ : ઉપર મુજબ

**કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬૪૫૦

જાહેર રજાના દિવસ દરમ્યાન રજા પ્રવાસ/વતન
પ્રવાસ રાહત યોજનાનો લાભ મંજુર કરવા બાબત

ગુજરાત સરકાર,
નાણા વિભાગ.
પરિપત્ર ક્ર. મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ
સચિવાલય, ગાંધીનગર.
તા. 2 3 MAY 2018

સંદર્ભ : નાણા વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૨૮/૮/૨૦૧૫ નો સંકલીત ઠરાવ

# -: પરિપત્ર :-

ઉપર સંદર્ભમાં નિર્દિષ્ટ તા. ૨૮/૮/૨૦૧૫ ના ઠરાવથી રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજના અંગેની સંકલીત સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. સદરહુ સંકલિત ઠરાવના પારા-૫.૦ થી " રજાઃ " ના સંદર્ભમાં

(૧) કર્મચારી/અધિકારી નિયમિત રજા જેમ કે, પ્રાપ્ત રજા, રૂપાંતરિત રજા, અર્ધપગારી રજા, અસાધારણ રજા, પ્રાસંગિક રજા (Casual Leave) અને પ્રસુતિ રજા મંજુર કરાવી રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો લાભ લઇ શકશે.

(૨) વેકેશન ખાતામાં નોકરી કરતાં સરકારી કર્મચારીની બાબતમાં વેકેશનના સમયને રજા તરીકે ગણી રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત મેળવી શકશે. તે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ જાહેર રજાના દિવસે મેળવી શકાય કે કેમ તે બાબતે સદરહુ નિયમોમાં કોઇ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ ન હોઇ, અમુક વિભાગો/કચેરીઓ દ્વારા રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ જાહેર રજા દરમ્યાન મંજુર કરવામાં આવેલ હોવાની બાબત નાણા વિભાગના ધ્યાન ઉપર આવેલ છે.

જાહેર રજા એ ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ મુજબ રજાનો પ્રકાર ન હોવાથી જાહેર રજા દરમ્યાન રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજનાઓ લાભ મંજુર કરવાનો રહેતો નથી. નાણા વિભાગના તા. ૨૮/૮/૨૦૧૫ ના સંકલીત ઠરાવની જોગવાઇ ધ્યાને લેતાં, ભવિષ્યમાં, જાહેર રજાના દિવસ દરમ્યાન રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ કોઇપણ સંજોગોમાં મંજુર કરી શકાશે નહીં પરંતુ આગળ-પાછળની જાહેર રજાના લાભ સાથે રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ મંજુર કરી શકાશે તે પ્રમાણેની સૂચનાઓ આથી સર્વે વહીવટી વિભાગો/ખાતાના વડાની કચેરીઓને આપવામાં આવે છે. આ સુચનાઓનો યુસ્તપણે પાલન કરવાનો રહેશે.

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૧૯૦૬
23 OCT 2018
એડીએમ-૩ શાખા

A32
Circulate on Web.

પરિપત્રની તારીખ સુધીના આ પ્રકારના કેસોને વિનિયમિત ગણી નિકાલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

નકલ રવાના પ્રતિ:-

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઇ.), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા